# વડોદરા મહાનગરપાલિકા,
# એફોર્ડેબલ હાઉસીંગ વિભાગ

www.vmc.gov.in

**પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ હરણી-ગોત્રી-સુભાનપુરા અને કલાલી ખાતે તૈયાર થનાર EWS-2 ટાઇપના આવાસો ફાળવવા અંગેના ઓનલાઇન ફોર્મ બાબત**

આથી વડોદરા શહેરના શહેરીજનોને જણાવવાનું કે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ હરણી, ગોત્રી, સુભાનપુરા અને કલાલી વિસ્તારમાં આર્થિક રીતે નબળા વર્ગ ધરાવતા લોકો માટે ૩૫ ચો.મી તથા ૩૭ ચો.મી કાર્પેટ એરીયા ધરાવતા EWS-2 ટાઇપના આવાસોની નવીન યોજના બહાર પાડવામાં આવેલ છે. જેની માહીતી નીચે મુજબ છે.

| યોજના કોડ | યોજનાનો પ્રકાર | આવાસની કિંમત રૂ. | આવાસોની સંખ્યા | કારપેટ એરીયા (ચો.મી) | યોજનાનું સરનામુ |
|---|---|---|---|---|---|
| P4 | EWS-2 (1BHK) | ૫,૫૦,000 | ૧૯૦૦ | ૩૫ | સર્વે નં ૫૮૫ પૈકી, ખીસકોલી સર્કલથી આગળ જતા નુર્મ આવાસ પાસે, કલાલી રોડ, વડોદરા. |
| P5 | EWS-2 (1BHK) | ૫,૫૦,000 | ૫૮ | ૩૭ | ટી.પી.૦૧, એફ.પી.૮૮, સિગ્નસ સ્કુલ પાસે, રાજેશ્વર ગ્રીન પાસે, હરણી, વડોદરા. |
| P6 | EWS-2 (1BHK) | ૫,૫૦,000 | ૭૪ | ૩૫ | ટી.પી.૦૨, એફ.પી.૧૦૫, હાઇટેન્શન રોડ, VMC નવીન વોર્ડ-૮ ઓફિસની બાજુમાં, સુભાનપુરા, વડોદરા. |
| P7 | EWS-2 (1BHK) | ૫,૫૦,000 | ૧૨૦ | ૩૫ | ટી.પી.૬૦, એફ.પી.૧૮૯, ભેલ ટાઉનશીપ પાછળ, ચંદ્રમૌલેશ્વર નગરની સામે, ગોત્રી, વડોદરા. |

ઉપરોક્ત આવાસો માટે અગાઉ ઓફલાઇન ફોર્મ બહાર પાડવામાં આવેલ પરંતુ મોટી સંખ્યામાં ભીડ જમા થતા ઓફલાઇન પ્રક્રિયા રદ કરી હવે ઓનલાઇન ફોર્મ બહાર પાડવામાં આવેલ છે. આ સ્કીમોમાં આવાસ મેળવવા ઇચ્છુક લાભાર્થીઓએ વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પરથી તા.૨૨/૧૦/૨૦૨૨ ના રોજ સવારના-૧૧.૦૦ વાગ્યે થી તા.૨૧/૧૨/૨૦૨૨ સવારના ૧૦.૫૯ વાગ્યા સુધી ઓનલાઇન ફોર્મ ભરી શકશે. ઓનલાઇન ફોર્મ બાબતે કોઇપણ પ્રશ્ન હોય તો માર્ગદર્શન માટે એફોર્ડેબલ હાઉસિંગ વિભાગ, રાવપુરા કચેરી તથા તમામ વોર્ડ ઓફિસ ખાતે ઓફિસ સમય દરમ્યાન સંપર્ક કરવો.

નોંધ:-જે લોકોએ અગાઉ ઉપરોક્ત આવાસો માટે ઓફલાઇન ફોર્મ ભરેલ છે, તેઓના ફોર્મ પણ ફાળવણી ડ્રો માં સમાવવામાં આવશે.તેઓને ફરીથી ઓનલાઇન ફોર્મ ભરવાનું રહેશે નહિ.

પી.આર.ઓ.નં. 726 / ૨૨-૨૩ કાર્યપાલક ઇજનેર, એફોર્ડેબલ હાઉસિંગ